Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAINA DHARMA PRAKASHA.

પુસ્તક ૮ મું. કાર્તિક સુદ ૧૫ સંવત ૧૯૪૯ અંક. ૮ મો.

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा.

ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું

શક ૧૮૧૪. સન ૧૮૯૨

મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧ ) અગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જાદું.

છુટક અંક એકના રૂ૦—૨—૦

For Private And Personal Use Only

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ જૈનશાસ્ત્ર પાઠશાળા (પદ્ય) | ૧૧૩ |
| ૨ જૈનશાસ્ત્ર પાઠશાળા (ખાસ આમંત્રણ) | ૧૧૫ |
| ૩ સંબોધસત્તરી | ૧૧૭ |
| ૪ મનુષ્ય જન્મ | ૧૨૩ |
| ૫ પરોપકાર | ૧૨૭ |


## ચોપાનીયું રખડતું મુકી આશાતના કરવી નહિ.


## મુનીરાજ શ્રીવૃદ્ધિચંદજી મહારાજના ફોટોગ્રાફ.

ખરીદ કરવા ઈચ્છનારને માટે નીચે પ્રમાણે ભાવ રાખેલ છે.

| | |
|---|---|
| ૧ કેબીનેટ સાઇઝના ફોટોગ્રાફ | ૦—૧૦—૦ |
| ૨ ફુલ સાઇઝના ફોટોગ્રાફ | ૧—૦—૦ |
| ૩ ફુલ સાઇઝના શિષ્યવર્ગ યુક્ત ફોટોગ્રાફ | ૧—૨—૦ |

પરદેશવાળાને પોસ્ટ ખર્ચ જૂદું બેસશે.

બહાર ગામ રહેનારને દર્શનનો અમૂલ્ય લાભ આપનાર અને સમીપ રહેનારની પણ પ્રાતઃકાળમાં દર્શન કરવાની અપેક્ષાને સંપૂર્ણ કરનાર અનેક ગુણગણ સંપન્ન શાંત મુર્ત્તિવંત મુની મહારાજના આ ફોટોગ્રાફ દરેક જૈન બંધુઓએ ખરીદ કરવા યોગ્ય છે. ફોટોગ્રાફર બહુ પ્રવીણ હોવાથી મુંબઇના પ્રસિદ્ધ ફોટોગ્રાફરોની પંક્તિમાં મુકીએ એવું કામ કરેલું છે. વિશેષ પ્રશંસાની આવશ્યકતા નથી કારણ કે હસ્ત કંકણને આદર્શની જરૂર નથી. મંગાવવા ઇચ્છનારે વહેલાંસર મંગાવી લેવાને પત્ર લખવો.

તંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નૂતન પાઠ કરે વળી ધારતા.
લલીત અર્થ વિનોદ વિચારતા. ૧૧
સુનર રત્ન સુધીર બને ઘણા,
સફળ થાય ફળે મન કામના;
સગાય સઘ બતાવ્ય જગત્ વિભુ,
સફળ આગાદ ટાળક તું પ્રભુ. ૧૨
સહુ સુણો ધની ધર્મ પ્રભાવકો,
મદદકાર થજો ગુણ ગ્રાહકો;
પરમ પંડિત જ્ઞાન પ્રભાવથી,
ધરમ ઉન્નતિ થાય સ્વભાવથી. ૧૩
અઘ પખાળન આત્મ કરો શુચી,
તન અને મન દ્રવ્ય યથા રૂચી;
ખરચી લાગ સુશક્તિ તથા રહી,
ફરજ આપણી હોય બજાવવી. ૧૪
સુણી સુકાર્ય સહર્ષ ઉલ્લાસમાં,
કવિનતો પણ બાળ વિલાસમાં;
રચી પ્રબંધ પ્રમોદ થયો ઉરે,
બુધ પદાબ્જ મધુપ ઝવેરને. ૧૫

# શ્રી જૈનશાસ્ત્ર પાઠશાલા.

## (જૈનમુનિઓ, શ્રાવકબંધુઓ તથા વિદ્યાભ્યાસને ઇચ્છનારા યતિઓને ખાસ આમંત્રણ.)

જૈનવર્ગને વિદિત છે કે ભાદ્રપદ શુદી ૬ ના શુભ મુહુર્ત્તે શ્રીપાલીટાણામાં જૈનશાસ્ત્ર પાઠશાળાનું સ્થાપન કરેલું છે પરંતુ એ અપૂર્વ કલ્પવૃક્ષના ફળનું આસ્વાદન કરવા માટે અભ્યાસીઓની વૃદ્ધિ થવાની ખાસ આવશ્યક્તા છે.

ચતુર્માસ પૂર્ણ થયું છે. વિહાર કરવાની છુટ થઈ છે તો હવે જૈન મુનિ મહારાજાઓ જેઓ અન્યદર્શનીના કરેલા વ્યાકરણાદિ શાસ્ત્રોનો અભ્યાસ ન કરતાં જૈનાચાર્યોના કરેલા વ્યાકરણાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરવાને ઉત્સાહ વાળા છે. તેઓ સાહેબે કળીકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના બનાવેલા, સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્ર સંપન્ન શ્રી મેઘવિજયજી ઉપાધ્યાયના રચેલા તેમજ આધુનીક છતાં પ્રાચીનપણું બતાવનારા શાસ્ત્રો બનાવનારા શ્રીવિનયવિજયજી ઉપાધ્યાયના રચેલાં વ્યાકરણો તેમજ શ્રીમન્ હેમચંદ્રાચાર્ય વિગેરે ધુરંધર પંડિતોના બનાવેલા દ્વયાશ્રયાદિ કાવ્યો અને અભિધાન ચિંતામણિ, અનેકાર્થ સંગ્રહાદિ સ્વોપજ્ઞ ટીકાવાળા કોષો તથા અનેક ન્યાય, અલંકારાદિ શાસ્ત્રો વિગેરેનો અભ્યાસ કરવા માટે અવશ્ય શ્રીસિદ્ધક્ષેત્ર ફરસનાના દ્વીતિય હેતુને હૃદયમાં ધારણ કરીને પાલીટાણા નગરે પધારવા કૃપા કરવી.

શ્રાવક બંધુઓ પણ જેઓ વિદ્યાવિલાસી છે, જૈન શાસનની ઉન્નતીને ઇચ્છનારા છે અને અહર્નીશ એને માટે પ્રયાસ કરનારા છે તેમણે પણ પૂર્વોક્ત અપૂર્વશાસ્ત્રોના રહસ્યનું આસ્વાદન કરવા માટે અવશ્ય પધારવું.

જૈનયતિઓ જેઓ ઉન્માર્ગથી વિરમ્યા છે. શુદ્ધ માર્ગ ગ્રહણ કરવાના ઈચ્છક છે, જૈનશાસનની અભિવૃદ્ધિ જોવાને ઉત્સુક છે, નિષ્પક્ષપાત બુદ્ધિવાળા છે, શુદ્ધતત્વના જ્ઞાતા છે અને જૈનશાસ્ત્રાભ્યાસ માટે ઉત્કંઠીત ચિત્તવાળા છે તેમણે પણ હવે અવશ્ય અભ્યાસ કરવાનો મનોર્થ પૂર્ણ કરવો.

આ અમારૂં આમંત્રણ ચતુર્વિધ સંઘને છે માટે જેઓ ન જાણતા હોય તેમને જાણનારાઓએ જણાવવું, અભ્યાસ કરવા આવવું, અભ્યાસ કરવા મોકલવા, અભ્યાસીને પ્રેરણા કરવી, અભ્યાસ કરવા આવનારને ઉત્તેજન આપવું; યથાશક્તિ સહાય દેવી, આ શુભકાર્યની અનુમોદના કરવી અને પાઠશાળાની વૃદ્ધિ અહર્નિશ હૃદયમાં ચિંતવવી એમ અમારી સર્વ જૈન સમુદાયને સવિનય પ્રાર્થના છે.

યોગ્ય અભ્યાસીઓની વૃદ્ધિ થયેલી જોઇને અમારા દિલમાં હર્ષની વૃદ્ધિ થશે, તેમને માટે પઠન પાઠનાદિની બનતી સગવડ કરી અપાશે. અને એમ થવાથીજ અમારી ઇચ્છા પૂર્ણતાને પામશે. માટે ફરીને પણ અમે આમંત્રણ કરીએ છીએ.

કિંબહુના.

**મિતિ કાર્ત્તિક શુદિ ૧૫ શુક્રવાર**

જૈન પાઠશાળાના વ્યવસ્થાપકો.

**બાબુ સાહેબરાય બુદ્ધસિંહજી બહાદુર**
**વોરા. અમરચંદ જસરાજ** } **મુ. ભાવનગર**
**શા. કુંવરજી આણંદજી**
**મોદી. જસરાજ ખોડીદાસ** } **મુ. પાલીતાણા**
**દેશાઇ દુલભદાસ મોહનભાઇ**
(શેઠ. આણંદજી કલ્યાણજી.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# संबोधसत्तरी.

અનુસંધાન પાને ૧૦૩ થી.

## (ગાથા ૬૯ મીના ચોથા પદ ઉપર સુભૂમ ચક્રવર્ત્તિની કથા.)

### "लोहो सव्वविणासणो"

### "લોભ સર્વ વિનાશનો કરનાર છે."

વસંતપૂરના વનને વિષે એક આશ્રમમાં **જમદગ્નિ** નામે તાપસ તપસ્યા કરતો હતો. ઘણા કષ્ટવડે તપસ્યા કરવાથી તે તાપસ પ્રસિદ્ધિને પામ્યો હતો. એકદા દેવલોકમાં **ધન્વંતરી** નામે મિથ્યાદૃષ્ટી દેવને અને **વૈશ્વાનર** નામે સમકીતી દેવને પરસ્પર ધર્મ સંબંધી વિવાદ થયો. એકે કહ્યું કે જૈનધર્મ સમાન બીજો ધર્મ નથી, બીજાએ કહ્યું કે શિવધર્મ સમાન બીજો ધર્મ નથી. બંને મિત્રો હોવાથી એવો નિર્ણય કર્યો કે ધર્મનો આધાર ગુરૂ ઉપર છે માટે બંને ધર્મના ગુરૂની પરીક્ષા કરીએ. જૈનધર્મી દેવે કહ્યું કે "જૈનમતના જે નવીન દીક્ષીત મુનિ હશે તેની પરીક્ષા કરશું અને શિવ ધર્મમાં જે ચિરંતન કાળના તપસ્વી હશે તેની પરીક્ષા કરશું જેથી હે મિત્ર! તમને વિશેષ પ્રકારે ખાત્રી થશે." આ પ્રમાણે નિર્ણય કરીને તે બંને દેવ મનુષ્ય લોકમાં આવ્યા.

પ્રથમ જૈન મુનિની પરીક્ષા કરવાનો આરંભ કર્યો. તેજ અવસરમાં મિથિલા નગરીના પદ્મરથ રાજાએ રાજ્ય ત્યાગ કરીને તરતજ ચારિત્ર ગ્રહણ કર્યું હતું. શ્રી વાસુપૂજ્ય સ્વામી પાસે ચારિત્ર ગ્રહણ કરીને વળતાં અત્યંત ક્ષુધા તૃષાએ વ્યાકુળ થયેલા તે મુનિને આવતા દેખીને રસ્તામાં તે બંને દેવોએ મનુષ્યનું રૂપ કરી મિષ્ટાન્ન ભાત પાણી વિકુર્વી તેમને આમંત્રણ કર્યું. મુનિએ ઉપયોગવડે અસૂઝતાં જાણીને ગ્રહણ ન કર્યા. આગળ ચાલતાં દેવતાએ એક રસ્તે કાંટા કાંકરા વિકુર્વ્યાં અને બીજે રસ્તે નાની નાની દેડકીઓ વિકુર્વી. મૂની દેડકીવાળો માર્ગ તજીને કાંટાવાળે માર્ગે ચાલ્યા. શરીર સુકોમળ હોવાથી અને કાંટાઓ ઊત્કટ હોવાથી પગમાંથી રૂધીરની ધારા ચાલી પરંતુ મુનિ ક્ષોભ પામ્યા નહીં. આગળ દેવોએ અનેક પ્રકારના ગીત, નૃત્ય તથા સુંદરાકાર સ્ત્રીઓ વિકુર્વી પરંતુ ઊંચી દૃષ્ટિએ તેની સન્મુખ પણ જોયું નહીં. પ્રાંતે નિમીત્તીઆનું રૂપ કરી સામા આવીને કહ્યું કે "હે રાજર્ષિ! હજુ આપનું આયુષ્ય ઘણું છે એમ અમે નિમિત્ત બળથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણીએ છીએ માટે હાલ યૌવનાવસ્થામાં સાંસારીક ભોગને ભોગવી પછી વૃદ્ધાવસ્થામાં આવું દુઃખકારક ચારિત્ર ગ્રહણ કરજો." મુનિ બોલ્યા કે "હે સિદ્ધ પુરૂષો! મારૂં આયુષ્ય વિશેષ હશે તો હું ઘણા કાળ પર્યંત ચારિત્ર પાળી શકીશ અને તેથી ઘણા કર્મની નિર્જરા થશે. વળી હાલ યૌવનાવસ્થા હોવાથી તપ પણ વિશેષ થઇ શકશે જે કે વૃદ્ધાવસ્થામાં બનવો અશક્ય છે." આ પ્રમાણેની નવદીક્ષિત મુનિની દૃઢતા જોઇને બંને દેવો જૈનધર્મ ની પ્રશંસા કરવા લાગ્યા.

હવે તેઓ શિવધર્મના ગુરૂ–તાપસની પરીક્ષા કરવા ચાલ્યા. ઘણા કાળથી તપને કરનારા, મોટી જટાવાળા અને એકાંત સ્થાનકે ધ્યાનમાં લીન થયેલા જમદગ્નિ તાપસને તેમણે શોધી કાઢચા. પરીક્ષા કરવાને માટે તેની મોટી વધી પડેલી દાઢીમાં ચકલા ચકલીનું રૂપ કરી માળો નાખ્યો અને તેમાં બેસીને પ્રથમ ચકલો મનુષ્ય ભાષાએ બોલ્યો–"હે ચકલી! હું હિમવંત પર્વતે જઇ આવું ત્યાં સુધી તું ઈહાં રહેજે." ચકલીએ તે વાતની ના કહી અને કહેવા લાગી કે "તું ત્યાં જઇને બીજી કોઈ ચકલી સાથે આશક્ત થઇ જા તો મહારા શા હવાલ થાય?" ચકલાએ કહ્યું કે હું ત્યાં જઇને પાછો ન આવું તો ચારે હત્યાનું પાપ મને લાગે "ચકલી બોલી કે" એ વાત હું માનું નહીં પણ જો તું પાછો ન આવે તો આ ઋષિનું જેટલું પાપ છે તેટલું તને લાગે એમ કબુલ કરે તો જવા દઊં."

આ પ્રમાણેના વચન સાંભળતાં એકદમ ઋષિ ધ્યાન ભ્રષ્ટ થઇ રીસે ભરાણા અને દાઢીમાં હાથ નાખી બંનેને પકડીને કહેવા લાગ્યા કે "હું અતી કઠીન તપ કરીને પાપોનો નાશ કરૂં છું છતાં તમે મને પાપી કેમ કહો છો?" ચકલી બોલી કે ઋષિજી! તમે ક્રોધ ન કરો અને આપનું શાસ્ત્ર તપાસો. તેમાં કહ્યું છે કે—

अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैवच नैवच;
तस्मात् पुत्र मुखं दृष्ट्वा, स्वर्गं गच्छंति मानवाः ॥१॥

વિચારો કે ઉપરના શ્લોકમાં અપુત્રીયાને ગતિએ નથી અને સ્વર્ગે નથી એમ કહ્યું છે અને તમે તો અપુત્રીયા છો ત્યારે તમારી ગતિ ક્યાં છે? આ પ્રમાણે કહીને ચકલા ચકલી તો અદૃશ્ય થઇ ગયા અને પોતાના બોલવાની અસર શું થાય છે તે જોવા લાગ્યા. ઋષિનું મન તરતજ પલટાણું અને વિચાર્યું કે આ ચકલીએ કહેલી વાત ખરી છે માટે કોઈક સ્ત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે પાણી ગ્રહણ કરીને પુત્રોત્પત્તિ કરૂં. તરતજ તપસ્યા પડી મુકીને કોષ્ટિકપુરના રાજા જિતશત્રુને ઘણી પુત્રીઓ છે માટે તેની પાસેથી એક રાજપુત્રીની યાચના કરી લાવું. એમ વિચારીને તે નગરભણી ચાલ્યા. ઋષિને ચલાયમાન થયેલા દેખીને મિથ્યાત્વીદેવ પ્રતિબોધ પામ્યો અને શ્રાવક ધર્મને અંગીકાર કરી બંને દેવો સ્વર્ગ લોકમાં ગયા.

તાપસે જઇને રાજા પાસે યાચના કરી, રાજાએ કહ્યું કે મારી સો પુત્રીમાંથી જે તમને ઇચ્છે તેને ગ્રહણ કરો. પરંતુ અત્યંત અમનોજ્ઞ સ્વરૂપ હોવાથી કોઇએ તેની ઇચ્છા ન કરી, ઊલટો થુથુકાર કર્યો. ઋષિએ તપના પ્રભાવવડે સૌને કુબડી અને કુરૂપણી કરી દીધી. બાહાર નીકળતાં રસ્તામાં ધૂળમાં રમતી રાજાની એક પુત્રીને દેખીને હાથમાં બીજોરૂં લઇ તેણે કહ્યું કે—[1]રેણુકા! તું મુજને વાંછેછે? રેણુકાએ બીજોરૂં લેવા હાથ લાંબો કર્યો એટલે એ મુજને વાંછે છે એમ ઠરાવી તેને ઉપાડીને વનમાં લઇ ચાલ્યો. રાજાએ પણ શાપથી ભય પામીને તે પુત્રી તેને આપી. સાળીના સગપણથી બીજી રાજપુત્રીઓને પાછી સારી કરીને તે વનમાં આવ્યો. કન્યાની વય નાની હોવાથી અનુક્રમે લાલન પાળન કરી મોટી કરી. યૌવનાવસ્થા પામી, એટલે સ્વરૂપવાન થયેલી જોઇ તેની સાથે પાણિગ્રહણ કર્યું. ઋતુકાળે તેને કહેવા લાગ્યો કે હું મંત્રે કરીને એક ચરૂ તને સાધી આપું એટલે તે ભક્ષણ કરવાથી તને એક સુંદર બ્રાહ્મણ પુત્ર થશે. રેણુકાએ કહ્યું કે—ચરૂ બે મંત્રી આપજો તેમાં એક ક્ષત્રી પુત્ર થાય તેવો કરજો તે મારી બહેન જે હસ્તીનાપુર પરણી છે તેને મોકલીશ અને બીજો હું ભક્ષણ કરીશ. ઋષિએ બે ચરૂ મંત્રી આપ્યા એટલે રેણુકાએ વિચાર્યું કે ક્ષત્રી પુત્રવાળો ચરૂ હુંજ ખાઉં જેથી આ વનવાસના દુઃખથી છુટું. પછી એ ચરૂ પોતે ભક્ષણ કર્યો અને બ્રાહ્મણ ચરૂ હસ્તીનાપુર મોકલ્યો. રેણુકાને મહા પરાક્રમી **રામ** નામે પુત્ર થયો અને તેની બહેનને **કૃતવીર્ય** નામે પુત્ર થયો.

એકદા એક વિદ્યાધર અતિસારના રોગે પીડીત ત્યાં આવ્યો. વ્યાધિની પીડાથી પોતાની આકાશ ગામિની વિદ્યા ભૂલી ગયો હતો તેની અનેક પ્રકારની ઔષધિ વિગેરેની સુશ્રુષા **રામે** કરી અને તેથી તે નિરોગી થયો અને પ્રસન્ન થઇને રામને પરશુ નામે વિદ્યા આપી. તેણે સાધી અને દેવાધિષ્ટીત પરશુના શસ્ત્રવડે અલંકૃત થઇ પૃથ્વીપર વિચરવા લાગ્યો તેથી

૧ ધૂળમાં રમતી હોવાથી રેણુકા નામે બોલાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરશુરામ** એવા નામથી પ્રસિદ્ધ થયો.

એકદા **જમદગ્નિ**ની આજ્ઞા લઇને **રેણુકા** પોતાની બહેનને મળવા માટે હસ્તીનાપુર ગઈ ત્યાં તેને અત્યંત સ્વરૂપવંત જોઇને તથા સાળી જાણીને અનંતવીર્ય રાજા પ્રથમ તો તેની હાંસી મશ્કરી કરવા લાગ્યો અને એમ કરતાં તેની સાથે નિરંકુશપણે વિષય સેવનમાં પ્રવર્ત્યો. તેના સમાગમથી ત્યાં રેણુકાને એક પુત્ર થયો. "અહો! કામ અત્યંત દુઃસાજ્ય છે. મ-
"હાન્ પુરૂષો પણ કામને પરવશ થઇને અકાર્ય કરે છે. કામાંધ મનુષ્ય
"કૃત્યાકૃત્યનો વિચાર કરી શકતા નથી. રૂપવંત સ્ત્રીનો ભોક્તા છતાં પણ
"કામાંધ મનુષ્ય પરસ્ત્રીમાં રમમાણ થાય છે. અને લજ્જાને તજી દઇને તે
"અકાર્યમાં નિઃશુક બની જાય છે. સ્નીગ્ધ પાત્રની ઉપર જળ જેમ ટકી
"શકતું નથી તેમ એના મનની ઉપર ઉત્તમ પુરૂષોનો ઉપદેશ ટકી શકતો
"નથી. ટુંકામાં એટલુંજ સમજવાનું છે કે હરેક પ્રકારે આત્મ હિતેચ્છુ જ-
"નોએ ઈંદ્રીઓના વિષયમાં પરવશ થવું નહીં.

હવે **જમદગ્નિ** પુત્ર સહીત રેણુકાને પોતાને આશ્રમે લઈ આવ્યો. જુઓ! અહીં પણ કામની દુર્જયતા! પરપુરૂષવડે પુત્રોત્પત્તિ કરનાર સ્ત્રીને પણ તેના રૂપથી વ્યામોહ થનાર ઋષિ પોતાના આશ્રમમાં લાવ્યો. એ સંબંધી બીલકુલ તીરસ્કાર ધરાવ્યો નહીં. આ દુનીઆમાં જેમ મોહરાજા નચાવે તેમ અનેક પ્રાણીઓ નાચે છે પોતાની તપસ્યા ખોઈ સંસાર જાળમાં સપડાયો, કૃત્યાકૃત્યને ભૂલી ગયો અને છેવટ મોહના દ્રઢપણાથી સાધારણ મનુષ્યને તીરસ્કાર આવે એવા કાર્યમાં પણ તીરસ્કાર લાવીને તે સ્ત્રીને તજી શક્યો નહી. ખરેખર કામનું અજયપણું સિદ્ધજ છે.

હવે જુઓ સંસારની વિચિત્રતા! જે વાતની શરમ પિતાને ન લાગી તે પુત્રને લાગી. નવીન પુત્ર સહીત માતાને આવી દેખીને પરશુરામે તે બંનેને મારી નાખ્યા. **અનંતવીર્યરાજા** એ વાત સાંભળી ત્યાં આવ્યો અને જમદગ્નિનો આશ્રમ બાળી ત્રોડી નાખી સર્વે તાપસોને ત્રાસ પમાડયો. **પરશુરામ**ને ખબર પડતાં ત્યાં આવીને **અનંતવીર્ય** રાજાને પણ મારી નાખ્યો. પ્રધાનવર્ગે તેની ગાદીએ તેના પુત્ર **કૃતવીર્ય**ને બેસાડ્યો. એકદા માતાના મુખથી પિતાના મૃત્યુની હકીકત સાંભળીને તેના કારણભૂત **જમદગ્નિ**ને તેણે મારી નાખ્યો. એ વાત પરશુરામે જાણી એટલે હસ્તીનાપુર આવી **કૃતવીર્ય**ને મારી નાખી પોતે ગાદી ઉપર બેઠો. જુઓ સંસાર સમુદ્રના દુઃખદાયક તરંગો! એક રેણુકાના માઠા ચરીત્રવડે ઉત્તરોત્તર **રેણુકા**, તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર, અનંતવીર્ય. જમદગ્નિ અને કૃતવીર્ય એટલાના મૃત્યુ નિપજ્યા. પાપકાર્યની શ્રેણી પાપનો પ્રતિબંધજ નિષ્પાદન કરે છે. માટે દુષ્કાર્યથી દુર રહેવું એજ શ્રેયસ્કર છે,

કૃતવીર્યના મૃત્યુના પ્રસંગે તેની **તારા** નામે રાણી સગર્ભા હતી તે **પરશુરામ**ના ભયથી વનમાં નાસી ગઇ. ત્યાં કોઇ તાપસે દયા આણીને પોતાના આશ્રમના ભોંયરામાં તેને રાખી. ત્યાં ચૌદ સ્વપ્નવડે સૂચિત પુત્ર પ્રસવ્યો અને તેનું **સુભૂમ** નામ રાખ્યું.

**પરશુરામ**ના ક્રોધરૂપી અગ્નિમાં **કૃતવીર્ય**ની આહુતી થયા પછી તે વધારે પ્રદીપ્ત થયો અને તેને ક્ષત્રી માત્ર ઉપર દ્વેષ ઊત્પન્ન થયો. તેણે સાત વખત નિઃક્ષત્રી પૃથ્વી કરી. ક્ષત્રીઓની દાઢાઓ એકઠી કરીને એક થાળ ભર્યો. એકદા ફરતો ફરતો પૂર્વોક્ત આશ્રમ પાસે આવ્યો ત્યાં તેની પરશુમાંથી અગ્નિ ઝરવા લાગ્યો[1] એટલે તેણે સર્વે તાપસોને પૂછ્યું કે અહીં કોઇક ક્ષત્રી છે? તાપસોએ તેના મનનું સમાધાન કરવા કહ્યું કે સંસારી અવસ્થામાં અમે ક્ષત્રી હતા. બાકી બીજું તો અહીં કોઇ ક્ષત્રી નથી. તાપસો જાણીને તેને છોડી દીધા. વિચાર કરો કે આરંભમાં નિમગ્ન પુરૂષ પોતાના મૃત્યુને તો ભૂલીજ જાય છે! નહીં તો અગણીત ક્ષત્રીઓનો વિનાશ કરતાં તેના મનમાં દયાનો અંકુર કેમ ઉત્પન્ન ન થાય!

હવે એકાદા તે મહા આરંભી **પરશુરામ**ના હૃદયમાં પણ પોતાને એકવાર મરવું છે એમ આવ્યું અને તેથી બની શકે તો તેને પણ દૂર રાખવા માટે તેણે નિમિત્તીયાને બોલાવીને પુછ્યું કે 'મારૂં મરણ કેવી રીતે થશે?' નિમિત્તીએ કહ્યું કે "જેના દેખવા માત્રથી આ દાઢાઓ ક્ષીરમય થઈ જશે અને સિંહાસન ઉપર બેસીને તે ક્ષીરને ખાઇ જશે તેનાથી તારૂં મરણ થશે." **પરશુરામે** તે દિવસથીજ એક દાનશાળા મંડાવી અને તેમાં એક સિંહાસન રચાવી દાઢાનો થાળ તેના ઉપર રાખ્યો.

તેવા અવસરે **મેઘનાદ** નામે વિદ્યાધરે 'પોતાની પુત્રીનો વર કોણ થશે?' એમ નિમિત્તીયાને પુછ્યું. નિમિત્તીએ **સુભૂમ** વર થશે એમ કહ્યું. એટલે **મેઘનાદ** પોતાની પુત્રીને લઇને ત્યાં આવ્યો અને પોતાની પુત્રી તેને પરણાવી પોતે પણ ત્યાં રહ્યો.

અદ્યાપિ **સુભૂમ**ને તો **પરશુરામ**ના ભયથી ભોંયરામાંજ રાખવા-

---

૧ જ્યાં ક્ષત્રી હોય ત્યાં તેની પરશુ જાજ્વલ્યમાન થતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં આવ્યો હતો. એક દિવસ તેણે પોતાની માતાને પુછ્યું કે 'હે માત! શું પૃથ્વી આટલીજ છે?' માતાએ કહ્યું કે 'પુત્ર! પૃથ્વીનો એ સુમાર છે અને તારા પિતાની રાજધાની તો હસ્તીનાપુર નગર છે પરંતુ તારા પિતાને મારીને **પરશુરામ** તેનો ધણી થઇ પડ્યો છે અને તેના ભયથીજ તને આ ભૂમિગૃહમાં રાખવામાં આવ્યો છે' માતાની કહેલી સર્વે હકીકત સાંભળીને **સુભમ** એકદમ ભોંયરાથી બહાર નીકળ્યો. **પરશુરામ**ના કિંચીત માત્ર ભયને પણ અવગણીને **મેઘનાદ**ની સાથે હસ્તીનાપુરમાં જ્યાં દાનશાળા છે ત્યાં આવ્યો. તેની દૃષ્ટિ પડતાંજ દાઢા ક્ષીર રૂપ થઇ ગઇ. સિંહાસન ઉપર બેસી તે ક્ષીરનું ભોજન કરવા લાગ્યો. એટલે તેના રક્ષપાળ બ્રાહ્મણો એકદમ તેના ઉપર શસ્ત્રો લઇને કુદી પડયા. **મેઘનાદે** સર્વેને નસાડયા. તે વાત સાંભળીને **પરશુરામ** પણ ત્યાં આવ્યો. પરશુ **સુભૂમ** ઉપર ચલાવી. **સુભૂમ**ની દૃષ્ટિ પડતાંજ પરશુ વિધા નષ્ટ થઈ, પરશુ તેજ હીન થઇ ગઇ. **સુભૂમે** પણ ક્રોધાતુર થઇને થાળ હાથમાં લીધો અને **પરશુરામ** ઉપર ફેંક્યો એટલે થાળ ફીટીને ચક્ર થયું અને **પરશુરામ**નું મસ્તક છેદન કરી લઇ આવ્યું. (અપુર્ણ.)

---

# चरचापत्र.

## જૈનધર્મ પ્રકાશના અધિપતિ સાહેબ!

નીચે લખેલા પ્રશ્નો આપના પ્રસિદ્ધ પામેલા ચોપાનીઆમાં સર્વે જૈનીભાઈઓને ઉત્તર દેવાની તક મળવા માટે પ્રગટ કરશો અને તેના ઉત્તર આપ પણ લખવા મહેરબાની કરશો.

### પ્રશ્ન.

૧ જો કોઈ શ્રાવક પોતાની નાતના ચાલતા આવતા રિવાજ વિરૂદ્ધ ચોમાસામાં અઠ્ઠાઈમાં અભક્ષ વસ્તુ પોતાની નાતમાં પીરસે તો તેને સંઘ મળીને પુછી શકે કે કેમ?

૨ એ પ્રમાણેનું ધર્મ વિરૂદ્ધ કામ કરનારને નાતના શેઠે તેમજ નાતે જરૂર પુછવું જોઇએ કે નહીં?

૩ નાતનો શેઠ જો તેને પુછે નહીં તો તે અધર્મને વધારનાર અને નામનોજ શેઠ કહેવાય કે નહીં?

૪ નાતના ઘણા માણસો એવા અધર્મ કરનારને શિક્ષા કરવા ઈ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતા હોય અને સંઘના અહસ્થો પણ એવા કૃત્ય માટે તેને ધિઃકારતા હોય તેમજ એવા માણસને પુછવુંજ જોઇએ એમ વિચાર બતાવતા હોય તે છતાં નાતનો શેઠ તેને ન પુછતાં તેનો પક્ષ કરીને બેસે તો શેઠ કેવો કહેવાય ?

૫ ઘણા વરસ થયાં બંધ થયેલું પૂર્વોક્ત કાર્ય બન્યુ હોય તો તેને અટકાવવાને તેમજ હવે પછી ન થાય તેમ કરવાને માટે કાળાનુંસાર શું ઉપાયો લેવાની જરૂર છે ?

૬ ઉપર પ્રમાણેનું કામ કરનાર પ્રત્યક્ષ મિથ્યાદૃષ્ટિને કેવો શ્રાવક કહેવો ? નામ શ્રાવક પણ કહેવાય કે નહીં ?

જૈનધર્મ પ્રકાશનો ઉત્કર્ષ ઇચ્છનાર

મુ. સુરત. સ્વધર્મી.

## સંક્ષેપમાં ઉત્તરો.

૧ સંઘ પુછી શકે.

૨ નાતના શેઠે તેમજ નાતે જરૂર પુછવું જોઇએ.

૩ ન પુછે તો નાતના આગેવાનો અકાર્યને ઉત્તેજન આપનારા ગણાય.

૪ નાતના શેઠે નિષ્પક્ષપાતપણેજ વર્તવું જોઇએ. છતાં એવા અકાર્ય કરનારનો પક્ષ કરે તો શેઠાઇને માટે લાયકાતમાં ખામી ભરેલું કામ ગણાય.

૫ કરનારને યોગ્ય શિક્ષા કરવી, હવે પછી ન થાય તેવો પાકો પ્રતિબંધ કરવો અને થવાની ખબર પડતાં અગાઉથી તેને અટકાવવો એ કાળાનુસાર કર્ત્તવ્ય છે.

૬ એ પ્રમાણેનું કાર્ય કરનારને બાહ્ય દૃષ્ટીએ તો શ્રાવકત્વમાં ખામી વાળોજ કહી શકાય. બાકી તેના હૃદયનો આશય તો છદ્મસ્થને અગમ્યછે.

તંત્રી.

# मनुष्यजन्म.

( અનુસંધાન પૃષ્ટ ૯૫ થી. )

મનુષ્યજન્મ પામીને વાંછીત સુખ મેળવવાના આઠ પ્રકાર જે ઉપર શ્લોકમાં બતાવ્યા છે તેમાં પાંચમો પ્રકાર પાત્રને વિષે દ્રવ્ય વ્યય કરીને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈષ્ટ સુખ હસ્તગત કરે એ કહ્યો છે. આ પ્રકાર પણ બહુજ ઉત્તમ છે. અનેક પ્રાણીઓ સુપાત્રદાન વડે ભવ સમુદ્રનો પાર પામી ગયા છે. પૂર્વના કર્મોદયવડે જે પ્રાણી સંસારની અસારતા જાણ્યા છતાં પણ સંસારને છોડી શકે નહીં તેને માટે આ પ્રકાર બહુજ ઉપયોગી છે કેમકે બહુળતાએ ઘણા મનુષ્યો ચારિત્ર ગ્રહણ કરી શકતા નથી, શ્રાવકના વ્રત લેવામાં પણ નબની શકવાના બાના બતાવે છે, તપસ્યા કરતી વખતે શરિરમાંથી શક્તિ નાશ પામી જાય છે, સમાયક, પોસહ કે પ્રતિક્રમણમાં ચિત્તની સ્થિરતા રહેતી નથી. તીર્થયાત્રા માટે ઘર બહાર નીકળી શકતા નથી—આવા સર્વ આલંબનથી વિમુખ થયેલા ગ્રહસ્થને આ સુપાત્રદાન અથવા સપ્ત ક્ષેત્રમાં દ્રવ્ય વ્યયએ એક પ્રબળ આલંબન છે. અને તેમાં માત્ર કૃપણતા દોષ શિવાય બીજી કાંઇ પણ અડચણ નથી. પરંતુ કદી દુર્ભાગ્યયોગે બીજા બધા પાટીઆ જેમ તજી દેય છે તેમ કૃપણતા દોષથી આ પાટીયું પણ તજી દેયતો પછી તેનો સંસાર સમુદ્રમાં બુડયા શિવાય છુટકોજ નથી. જેનાથી બીજું કાંઈ પણ ન બની શકે તેવા ગ્રહસ્થોને સુપાત્રદાન અત્યંત લાભને આપનારૂં થઇ પડે છે. કહ્યું છે કે—

**चारित्रं चिनुते धिनोति विनयं ज्ञानं नयत्युन्नतिं ।**
**पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागमं ॥**
**पुण्यं कंदलयत्यघं दलयति स्वर्गं ददाति क्रमात् ।**
**निर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनं ॥ १ ॥**

ભાવાર્થ—પવિત્ર ન્યાયોપાર્જીત એવું ધન પાત્રને વિષે આરોપણ કર્યે સતે ચારિત્રની વૃદ્ધિ કરે છે, વિનય ગુણને વધારે છે, જ્ઞાનને ઉન્નતિ પ્રત્યે પમાડે છે, ઉપશમને પોષણ કરે છે, તપને બળવાન કરે છે એટલે પારણાદિકના યોગથી ઊત્સાહી કરે છે, સિદ્ધાંતના પડનાદિકને ઉલ્લાસવાન્ કરે છે પુણ્યનો પ્રાદુર્ભાવ કરે છે, પાપને દળી નાખે છે, સ્વર્ગને આપે છે અને અનુક્રમે મોક્ષ રૂપ લક્ષ્મીને વિસ્તારે છે અર્થાત્ સુપાત્રમાં કરેલું દાન—વ્યય કરેલું દ્રવ્ય પૂર્વોક્ત સર્વકાર્ય કરે છે.

વિનાશી લક્ષ્મીને જે પ્રાણી આવી રીતે અવિનાશી કાર્યમાં જોડે છે તેની લક્ષ્મીજ સાર્થક છે. પરંતુ સંપૂર્ણ પુણ્યોત્પત્તિતો ન્યાયોપાર્જીત દ્રવ્યથકીજ થાય છે. અને તેથીજ ઉપરના શ્લોકમાં પવિત્ર ધન બતાવ્યું છે. જેમ શુદ્ધબીજ વાવ્યું હોય તો શ્રેષ્ટ ફળ આપે છે અને બગડેલું બીજ બ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાબર ફલોત્પત્તિ કરતું નથી તેમ ન્યાયોપાર્જીત દ્રવ્ય વિશેષ ફળ દાયક થાય છે.

સુપાત્રમાં જોડેલું દ્રવ્ય સાંસારીક સુખ આપવામાં પણ તત્પર છે. કહ્યું છે કે—

**सुपात्रदानाच्च भवेद्धनाढ्यो, धनप्रयोगेण करोति पुण्यं ।**
**पुण्य प्रभावाद् गमयंति स्वर्ग, पुनर्धनाढ्यो पुनरेवभोगी ॥१॥**

"સુપાત્ર દાનથકી ધનાઢ્ય થાય છે, ધનના પ્રયોગે કરીને પુણ્યનો બંધ કરે છે, પુણ્યના પ્રભાવથી સ્વર્ગે જાય છે અને પાછા ધનાઢ્ય અને પાછા ભોગી થાય છે".

આ પ્રમાણે ઉત્તરોત્તર ચક્રવત્ શ્રેણીબદ્ધ સુખોત્પત્તિ થાય છે માટે પૂર્વોક્ત પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે સુપાત્રને વિષે દ્રવ્ય વ્યય કરીને વાંછીત સુખને હસ્તગત કરો.

પછી છઠ્ઠા પ્રકારમાં કહે છે કે—ઉત્તમ માર્ગને સેવનાર જનોના માર્ગ પ્રત્યે જઈને વાંછિત સુખને હસ્તગત કરો. એટલે ઉત્તમ પ્રાણીઓ જે માર્ગે ચાલે તે માર્ગે જવાથી વાંછિત સુખની પ્રાપ્તિ થાય છે તેથી એમ બતાવે છે કે ઉત્તમ પ્રાણીઓ સન્માર્ગનું શોધન કરવામાં પ્રવીણ હોય છે અને તેથીજ તે માર્ગે ચાલવાનું કહેલું છે. महाजनो येनगतः सपंथाः "મહા પુરૂષો જે માર્ગે ચાલ્યા તેજ પંથ" આ પ્રમાણે શ્રી વૃદ્ધ શાંતિ સ્તોત્રમાં કહેલું છે. આ સંબંધમાં વિશેષ લખવા જેવું નથી કારણ કે ભગવંત જે માર્ગે ચાલ્યા, તે માર્ગે ગણધરો ચાલ્યા, જે માર્ગે ગણધરો ચાલ્યા તે માર્ગે પૂર્વાચાર્યો ચાલ્યા, જે માર્ગે પૂર્વાચાર્યો ચાલ્યા તે માર્ગે સાંપ્રતકાળમાં મુનિ મહારાજે ચાલવું યોગ્ય છે અને એવા ઉત્તમ માર્ગે ચાલનારા મુનિરાજના સિદ્ધાંત થકી બતાવેલા માર્ગે ચાલવું તે આપણી શ્રાવક બંધુઓની ફરજ છે અને એ પ્રમાણે ચાલવાથીજ વાંછિત સુખની પ્રાપ્તિ થઇ શકે છે માટે હે ભવ્ય પ્રાણીઓ! એ પ્રમાણે કરવા તત્પર થાઓ.

સાતમો પ્રકાર એ બતાવ્યો છે કે અંતર અરિ અભ્યંતર શત્રુ તેને જીતીને વાંછિત સુખને હસ્તગત કરો. આ પ્રકારતો અત્યંત શ્રેષ્ટ છે પણ કરવો મુશ્કેલ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ પ્રાણીના મોટા શત્રુ છે. બાહ્ય શત્રુતો જો અત્યંત કોપાયમાન થાય તો એક ભવમાંજ પ્રાણનો નાશ કરી શકે છે, પરંતુ આ અભ્યંતર ષટ્ રિપુતો અનેક ભવમાં ભ્રમણ કરાવે છે અને જન્મ મરણની વૃદ્ધિ કરવાથી ભવ ભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં મૃત્યુને પ્રાપ્ત કરે છે. આ છએ શત્રુ મહા બળવાન્ છે એકેકને જીતવાને માટે અતિ ઉત્કટ પ્રયત્નની જરૂર છે. મોટા મોટા પુરૂષો પણ એના સપાટામાં સહજમાં આવી જાય છે. કોઇક ક્રોધથી પુણ્ય સમુદાયને ભસ્મ કરી નાખે છે, કોઇ કામને વશ થઇ કૃત્યા કૃત્યને ભૂલી જઇ દુર્ગતિ ગમનમાં દિપક સદૃશ કામિનીને પરવશ થઇને જન્મ હારી જાય છે. કોઇ લોભના પારાવાર સમુદ્રમાં પડ્યો પડ્યો ગળકા ખાયા કરે છે અને તરવાને માટે ફોગટ ફીણના બાચકા ભરે છે, કોઇક સંસારના સ્ત્રી પુત્ર મિત્ર કુટુંબ પરિવાર અને દ્રવ્ય વિગેરેના અનેક પ્રકારના મોહમાં લીન થઇ જાય છે, કોઇક દ્રવ્ય, વિદ્યા, અધિકાર, રૂપ, બળ અને સૌંદર્યતા વિગેરેના અનેક પ્રકારના અભિમાનમાં અંધ બની જઇને અધ્ધરને અધ્ધર ચાલે છે અને કેટલાક પ્રાણીઓ મત્સર, ઈર્ષા કે અદેખાઇમાં પોતાના કર્ત્તવ્યને ભૂલી જઇ પારકા છતા અછતા દોષને પ્રગટ કરી નિરંતર પોતાને અધિક માનતો પોતાના સ્વરૂપનું ભાન ભૂલી જાય છે આ પ્રમાણે એ અભ્યંતર રિપુઓ અનેક પ્રકારનાં અનર્થને ઉત્પન્ન કરે છે માટે વાંછિત સુખ જે મોક્ષ સુખ તેને હસ્તગત કરવાને ઇચ્છનારા પ્રાણીઓએ તો અવશ્ય પ્રથમ એ ષટ્ રિપુનો નાશ કરવામાં પ્રવર્ત્તવું જોઇએ.

છેવટે આઠમો પ્રકાર એ બતાવ્યો છે કે પંચ પરમેષ્ટિ નમસ્કારનું સ્મરણ કરીને વાંછિત સુખને હસ્તગત કરો. આ નમસ્કાર–નવકાર મંત્ર ચૌદ પૂર્વનું સાર છે, આ ભવ અને પરભવમાં અનેક પ્રકારના સુખને આપનાર છે અને અનેક ભવ્ય પ્રાણીઓ એ મંત્રરાજના સ્મરણથી યાવત્ મોક્ષ સુખને પામ્યા છે. શાસ્ત્રમાં સ્થાને સ્થાને એ મહા મંત્રના સ્મરણની આવશ્યકતા બતાવી છે તેમજ તેથી સુખપ્રાપ્ત કરનારાઓના દૃષ્ટાંતો આપેલા છે તેથી આ જગ્યાએ તેનું વિશેષ વર્ણન કરવાની જરૂર નથી. ટુંકામાં એટલુંજ સમજી લેવાનું છે કે એવું કોઇ પણ કાર્ય નથી કે જે એ મહા મંત્રના સ્મરણથી સિદ્ધ ન થાય પરંતુ તેમાં શુદ્ધ અંતઃકરણના ભાવની જરૂર છે માટે ત્રિકરણ શુદ્ધે એનું સ્મરણ કરીને વાંછિત સુખને હસ્તગત કરો એવું શાસ્ત્રકારનું કહેવું છે અને તે યથાર્થ છે.

આ શ્લોકની અંદર એટલો બધો ભાવાર્થ રહેલો છે કે એમાંના એક એક પ્રકારને માટે મોટા મોટા ગ્રંથો લખી શકાય. અહીંઆં યથામતિ સંક્ષેપથી એના અર્થનું પ્રકટીકરણ કરેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચક વર્ગોને યાદ આપવાની જરૂર નથી કે આ શ્લોકજ આવા ઉત્તમ ઉપદેશને શ્રવનાર હોવાથી ચોપાનીઆના પ્રથમ પૃષ્ટ ઉપર દાખલ કરેલો છે. દરમાસે દૃષ્ટિગત થતો હોવાથી તમે એ શ્લોકને ભૂલી ગયા નહીં હો. તેમ છતાં વળી ફરીને આ માસના મુખ પૃષ્ટ ઉપરથી એ શ્લોકને વાંચીને તમે પણ એમાં બતાવેલા કાર્યો કરીને વાંચ્છીત સુખને હસ્તગત કરવા તત્પર થાઓ અને વાંચ્છિત સુખને હસ્તગત કરો.

તથાસ્તુ.

---

## પરોપકાર.

પરોપકાર મનુષ્ય માત્રનું અત્યુત્તમ ભૂષણ છે. આ અસ્થીર સંસારમાં જન્મ લઇને પ્રાણી માત્ર પોતાને માટે તો અનેક પ્રકારના પ્રયાસ કરે છે અને પોતાનું ગુજરાન સુખે દુખે ચલાવે છે તેમજ પોતાની વિપત્તિને ટાળવા યત્ન કરે છે પરંતુ અન્યને માટે પ્રયાસ કરનાર કોઇ વિરલજ હોય છે. જેઓને પોતાની આજીવીકા પૂરતીજ માત્ર આવક છે તેમજ પોતાની આપત્તી દૂર કરવાને પણ અન્યની મદદની જરૂર છે તેઓ તો પરોપકાર શી રીતે કરી શકે? પરંતુ જેઓને પોતાના આયુષ્ય પર્યંત આજીવીકાની બીલકુલ ચિંતા નથી એટલુંજ નહીં પરંતુ એ કરતાં પણ અત્યંત દ્રવ્ય સંપત્તિ છે અને અનેક જનોની આપત્તિ દૂર કરવાની શક્તિ છે તે છતાં પણ સ્વધર્મીઓને, સ્વજ્ઞાતીવાળાને, સ્વકુટુંબીને તેમજ પોતાના મિત્રવર્ગને આજીવીકાથી દુઃખી થતા જોઇને પણ દીલમાં દયા નથી આવતી અને જેઓ તેને ઘટીત રીતની મદદ નથી આપતા તેમનું દ્રવ્ય નકામું છે તેમજ જેઓ એજ પ્રમાણે પોતાના સ્વધર્મી વિગેરેને કોઇ પણ પ્રકારની આપત્તિમાં પડેલાં દેખીને તટસ્થપણે જોયાજ કરે છે, છતી શક્તિએ આપત્તિનું નિવારણ કરવા પ્રયત્ન કરતા નથી તેઓની શક્તિ નકામી છે અને તેઓની જીંદગી પણ નિરર્થક છે કેમકે પોતાના પ્રાણને બચાવવાને તો પશુ પક્ષીઓ તેમજ તે કરતાં પણ તુચ્છ જંતુઓ પ્રયત્ન કરે છે તો તેનામાં અને એવા પરોપકાર વિમુખ જનોમાં તફાવત શું છે? કાંઇ નથી. ખરી રીતે તો એવા જનોએ નિરંતર પોતાની શક્તિ અને સંપત્તિના પ્રમાણમાં પરોપકાર કૃત્યને વિષે ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપર રહેવું જોઇએ કહ્યું છે કે—परोपकाराय सतां विभूतयः "સજ્જનોની સંપત્તિ પરોપકારને અર્થેજ છે".

મનુષ્ય વર્ગે પરોપકાર કરવાની જરૂર છે તેમાંતો આશ્ચર્ય જેવુંજ શું છે? કેમકે કેટલાક જડ પદાર્થો પણ નિરંતર પરોપકારને કરનારા હોય છે. ચિંતામણિ રત્ન મનુષ્યના મનવાંચ્છીતને પૂરે છે, વૃક્ષ છાયા આપે છે, ચંદન સુગંધ આપે છે, પારસમણી લોહને કાંચન બનાવી આપે છે, રસ કુપીકાનો રસ પણ કાંચન બનાવવામાં સાધનભુત છે. આ પ્રમાણે જડ પદાર્થોમાં પણ અનેક પ્રકારની શક્તિઓ ભરેલી છે અને તેનો ઉપયોગ પરોપકારના કાર્યમાં થાય છે.

એક મનુષ્યે પોતાની ઉપર ઉપકાર કર્યો હોય તેનો બદલો આપવા માટે તેના ઉપર ઉપકાર કરવો તો રહ્યો પરંતુ ઉલટો અપકાર કરનારા કેટલાએક દુર્જનો હોય છે. શ્રીપાળ મહારાજાએ ધવળશેઠ ઉપર બેસુમાર ઉપકાર કર્યો છતાં તેણે તો છેવટ સુધી અપકારજ કર્યો અને તેમાં પોતે પોતાનો પ્રાણ ગુમાવ્યો આવા પુરૂષો કનીષ્ટ મનુષ્ય ગણાય છે. જેણે ઉપકાર કર્યો હોય તેના બદલામાં ઉપકાર કરનારા પણ કેટલાએક જનો હોય છે તેઓ મધ્યમ મનુષ્ય ગણાય છે. કૃત્યાકૃત્યને જાણનાર વર્ગમાં ઘણો ભાગ આ પંક્તિમાં મુકવા યોગ્ય છે પરંતુ અપકાર કરનારની ઉપર પણ ઉપકાર કરનારા શ્રીપાળમહારાજા, જયાનંદ કુમાર તથા લલીતાંગ કુમારની જેવા કોઇકજ મહા પુરૂષ હોય છે. એઓ ઉત્તમ જનની પંક્તિમાં મુકવા યોગ્ય છે. ખરો પુરૂષાર્થ અને ખરી સજ્જનતા તેમજ ખરૂં તત્વ ગવેષીપણું તો તેનુંજ સમજવું કે જેઓ નિરંતર સર્વ પ્રાણીઓ ઉપર ઉપકાર કરવાની બુદ્ધિજ ધરાવે છે અને તેને માટેજ પ્રયત્નવાન્ છે. શ્રી પાર્શ્વનાથજીને ઉગ્ર ઉપસર્ગનો કરનાર કમઠ જેણે નાસીકા પર્યંત જળ ભરપુર કર્યું તેના ઉપર પણ ભગવંત લેશ માત્ર દ્વેષ ન લાવ્યા અને તેને પણ બોધિ બીજનાં કારણભૂત થયા. આ ઉત્તમ જનોની કર્ત્તવ્યતાના શિખરરૂપ દષ્ટાંત છે.

આ ટુંકા વિષયનો સાર એટલોજ છે કે પોતાથી બનતી રીતે દરેક મનુષ્યે પરોપકાર કરવાને તત્પર રહેવું અને એ ઉત્તમ શોભા આપનાર ભૂષણને ધારણ કરીને સુશોભીત થવું.

તથાસ્તુ.

For Private And Personal Use Only

## સૂચના.

આ વર્ષનો આ સાતમો અંક છે. ગ્રાહકોએ હવે આળસ તજી લવાજમ તાકીદે મોકલવું જોઈએ. ચોપાનીયું સ્વલ્પ મૂલ્યમાં સારી સેવા બજાવે છે એ ઉપર ધ્યાન આપી લવાજમ મોકલવામાં ત્વરાવાળા થવું એ કદરદાન ગ્રાહકોની ફરજ છે. કેટલાએકો પાસે બે ત્રણ ચાર પાંચ વર્ષોના લવાજમ ચડેલાં છે તેવા આળસુ ગ્રાહકોએ આંખ ઊઘાડી લવાજમ મોકલી આપવું. દરવર્ષે ઉઘરાણાને માટે બે પૈસાનો ખર્ચ થાય છે અને ભેટની ચોપડીનો હક જાય છે, વળી લવાજમતો જ્યારે ત્યારે વહેલું મોડું પણ દેવું પડશેજ એ સર્વ બાબતનો વિચાર કરી ચડેલા પૈસા મનીઓર્ડરથી મોકલી આપવા અથવા અમારા એજંટોને ભરવા.

મુંબઈના ગ્રાહકો ઉપરતો આ વર્ષમાં એક વખત પત્ર લખાઇ ગયા છે તેઓએ તે બાબત ઉપર ધ્યાન આપી લવાજમ વાળી દેવું અને બીજા ગામ વાળાઓએ પણ પત્ર ખર્ચ કર્યા અગાઉજ ઉદારતા જણાવી દેવી ધ્યાનમાં રાખવું કે આ જ્ઞાન ખાતાનું કામ છે. કોઇના ઘરનું નથી.

મુંબઇ, સુરત, ભરૂચ, પુના, વડોદરા, અમદાવાદ, વીરમગામ, ધોરાજી, ભુજ વગેરે જેજે ગામમાં અમારા એજંટો છે તેનાં નામ બ્હાર પડેલાં છે માટે સવળ પડે તેમણે તેની મારફત મોકલવા અને બીજાઓએ મનીઓર્ડરથી મોકલવા. ટીકીટ મોકલનારને ગેરવલે ગયાનું જોખમ તેને માથે છે.

---

અમારી ઓફીસમાં વેચાતાં પુસ્તકોનું લીસ્ટ જુદું બ્હાર પડેલુંછે તે શિવાયની ચોપડીનો નોંધ છઠ્ઠા અંકના ચોપાનીઆમાં પ્રસિદ્ધ થયેલછે તે ઉપરથી જેઓને કાંઇ પણ પુસ્તક જોઇએ તેણે ખુશીથી અમારી પાસેથી મગાવવું. વેલ્યુપેએબલથી મંગાવવું એ વધારે ફાયદાકારક છે.

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ આ સંસાર અસાર. | ૧૨૯ |
| ૨ મદ્યપાન નિષેધક. | ૧૩૦ |
| ૩ બંધ અને મોક્ષ. | ૧૩૨ |
| ૪ મધુબીંદુનું દ્રષ્ટાંત. | ૧૩૭ |
| ૫ ચર્ચાપત્ર. | ૧૩૯ |
| ૬ વર્ત્તમાન સમાચાર. | ૧૪૩ |
| ૭ પાલીતાણાની ધર્મશાળાઓ. | ૧૪૪ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપુર્વક વાંચી યથાશક્તિ ધર્મ કાર્યમાં પ્રવર્ત્તવું.


અત્યંત ઉપયોગી.

## સઝાયમાળા

શુદ્ધ રીતે બાળબોધ અક્ષરમાં છાપેલી તૈયાર થઇ છે ઘણું કરી આ ચોપડીમાં તમામ સઝાયો આવી ગયેલી છે. મ્હોટા કદના આશરે પાંચશે પાનાની ચોપડી છે. ધર્મના રાગી માણસોએ અવશ્ય ખરીદ કરવા લાયક છે. કીં. રૂ ૩) ટપાલ ખર્ચ જુદું.


## ગ્રાહકોને સૂચના.

વારંવાર લખ્યા છતાં ઘણા ગ્રાહકોના લવાજમ હજી સુધી આવતા નથી તેઓએ સમજવું જોઇએ કે આ વર્ષના નવ અંકતો નીકળી ચુક્યા. ચોપાનીયાનું લવાજમ પ્રથમથી લેવાનો રીવાજ છે તો પોણો ભાગ નીકળી ગયો તે છતાં લવાજમ ન મોકલવું એ ભૂલ ગણાય. ઉઘરાણીના કયાર્ડો લખી જ્ઞાન ખાતામાં નુકશાન કરાવવું તે કરતાં જલદી લવાજમ મોકલી દેવું એ સજ્જનને ઘટીત છે. જેઓની પાસે એક વર્ષ ઉપરાંતનું લવાજમ લેણું છે તેઓએ તો આળસ તજી દઇ સત્વર પોતાનું લવાજમ મોકલી દેવું અને બીજાઓને તાકીદે મોકલવા ભલામણ કરવી.

For Private And Personal Use Only